શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક યોજના તાલુકા, જીલ્લા
અને રાજય કક્ષાએ પારિતોષિક આપવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૧૪/૩૦૬૯૩૨/ક,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૦૭/૦૮/૨૦૧૪

સંદર્ભઃ-

(૧) શિક્ષણ વિભાગનો તા.૩૧/૮/૧૯૮૯નો ઠરાવ ક્રમાંકઃપીટીસી/૧૪૮૯/૧૭૬૨ક
(૨) શિક્ષણ વિભાગનો તા.૧૫/૦૭/૧૯૮૯નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૪૮૯/૧૪૦/ક
(3) શિક્ષણ વિભાગનો તા.૨૦/૧/૧૯૯૪નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૪૯૨/જી/૧૪૨/ક
(૪) શિક્ષણ વિભાગનો તા.૨૪/૬/૧૯૯૭નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૩૯૭/ખ/૬૧/ક
(૫) શિક્ષણ વિભાગનો તા.૨૯/૫/૨૦૦૦નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૪૯૦/ક
(૬) શિક્ષણ વિભાગનો તા.૭/૮/૨૦૭નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૦૭/૬૦૩/ક
(૭) શિક્ષણ વિભાગનો તા.૫/3/૨૦૧૧નો પરિપત્ર ક્રમાંકઃપીઆરઇ/૧૧૦૯/૫૨૯/ક

આમુખઃ-

ગુજરાત માટે શિક્ષણક્ષેત્ર ગૌરવરૂપ ગણાય તેવી ઉત્કૃષ્ટ સેવાઓ માટે સંદર્ભમાં જણાવેલ ઠરાવો અન્વયે શિક્ષકોને પારિતોષિક આપવાની યોજના અમલમાં હતી. પરંતુ આ યોજનાનો વ્યાપ વધારવાના હેતુસર તથા શિક્ષકોને તાલુકા, જિલ્લા કક્ષાએ પુરતા પ્રમાણમા પુરસ્કુત કરવાથી શિક્ષકોને તેમની કામગીરીમાં ઉત્તેજન મળે તે હેતુથી નવી યોજના બનાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

કાળજી પૂર્વકની વિચારણાના અંતે રાજયના શિક્ષકોને તાલુકા/જિલ્લા તથા રાજય કક્ષાએ પરિતોષિક આપી પ્રોત્સાહીત કરવા માટે " શ્રેષ્ઠ શિક્ષક પરિતોષિક તાલુકા, જિલ્લા અને રાજયકક્ષાએ નામાભિધાન " સાથે યોજના શરૂ કરવામાં આવે છે. આ સુધારેલ યોજનાથી વધારે પ્રમાણમાં સારા શિક્ષકો, પોતે તથા તેમના નોમીનેશન માટે લોકો, વાલીઓ, વિદ્યાર્થીઓ વેબ સાઇટ મારફતે કરી શકશે તાલુકા અને જિલ્લા કક્ષાએ પુરતા પ્રમાણમાં પુરકસ્કાર આપવાથી શિક્ષક સમુદાયને કામગીરીમાં ઉત્તેજન મળશે. તેમજ પુરસ્કાર માટે પસંદગી વધારે ઉંડાણ પૂર્વક કરી શિક્ષકોની કદર થઇ શકશે જે શાળાની પસંદગી થઇ છે. ત્યાં પણ બ્રાસ પ્લેટ કે તામ્રપત્ર મુકવામાં આવશે જેથી શાળા અને શિક્ષકોને પણ પ્રોત્સાહન મળશે અને શાળા અંગે સારી છાપ ઉભી થશે.

એવોર્ડ સંખ્યાઃ-

તાલુકાદીઠ ૨ એવોર્ડ ૨૪૮ X ૨ = ૪૯૬ પારિતોષિક
જીલ્લા કક્ષાએ ૪ એવોર્ડ ૪ X 33 = ૧૩૨ પારિતોષિક
રાજયક્ષાએ ૪૭ પારિતોષિક

આર.ન્યુ-૨૦૧૪

સદરહું એવોર્ડનો બ્રેકઅપ નીચે મુજબ છે.

(અ) **તાલુકા કક્ષાએ ૨ પારિતોષિક ફક્ત પ્રાથમિક શાળાના શિક્ષકો માટે જ છે. જેથી દર વર્ષે બે પ્રાથમિક શિક્ષકોને તાલુકા કક્ષાના પુરસ્કાર મળી શકે.**

(બ) **જિલ્લાકક્ષાના ૪ પારિતોષિક જેમાં ૨ પારિતોષિક પ્રાથમિક શાળાના શિક્ષકો માટે, ૧(એક) પુરસ્કાર માધ્યમિક શાળાઓ અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકો માટે જયારે ૧ પુરસ્કાર સી.આર.સી., કેળવણી નિરિક્ષક અને તેમના સમકક્ષ અન્ય કેટેગરી પૈકી ગમે તે એક**

(ક) **રાજય કક્ષાના ૪૭ એવોર્ડ પૈકી ૨૦ પુરસ્કાર પ્રાથમિક શાળાના શિક્ષકો માટે, ૩ પુરસ્કાર પ્રાથમિક શાળાના શિક્ષણ નિરિક્ષકો માટે ૩ પુરસ્કાર, સી.આર.સી.બી.આર.સી., મદદનીશ શિક્ષણ નિરિક્ષક(દરેક માટે એક) ૧૦ પુરસ્કાર, માધ્યમિક શિક્ષક,૫ પુરસ્કાર ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકો માટે ૩ પુરસ્કાર માધ્યમિક /ઉચ્ચત્તર માધ્યમિક આચાર્યો માટે તથા ૩ પુરસ્કાર ખાનગી, પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ માટે રાખવાના રહેશે. કોર્પોરેશન અને નગરપાલિકાની શાળાના શિક્ષકોને પુરસ્કાર અંગેની કાર્યવાહી જે તે તાલુકા /જિલ્લા સાથે કરવાની રહેશે .**

<u>પુરસ્કારની વિગતઃ-</u>

તાલુકાકક્ષાએ રૂા. ૫૦૦૦/- રોકડા, શાલ અને પમાણપત્ર, જિલ્લાકક્ષાએ રૂા.૧૫૦૦૦/-રોકડા, શાલ અને પમાણપત્ર તથા રાજયકક્ષાએ રૂા.૫૧૦૦૦/- **પુરસ્કાર, શાલ તામ્રપત્ર આપવામાં આવશે. આ ઉપરાંત જે તે શાળા માટે એક બ્રાસ પ્લેટ કે તામ્રપત્ર આપવામાં આવશે.**

<u>અરજી કરવાની પધ્ધતિઃ-</u>

**અરજી ઓન લાઇન કરવાની રહેશે. જે માટેની વેબસાઇટ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીએ તૈયાર કરવાની રહેશે. નોમીનેશન અરજીમાં શિક્ષકો, પોતે શાળા વ્યાસ્થાપન સમિતિ, વાલી સમુદાય, શાળાના વિદ્યાર્થીઓ અને અન્ય મહાનુભાવો પરીતોષિક માટે શિક્ષકનું નોમીનેશન કરી શકશે. શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર માટે ૧૫(પંદર) વર્ષનો અનુભવ જરૂરી છે.**

<u>પાત્રતાઃ-</u>

(૧) પ્રાથમિક શાળાના શિક્ષક/આચાર્ય

(૨) માધ્યમિક શાળાના શિક્ષક

(૩) ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષક

(૪) માધ્યમિક /ઉચ્ચ માધ્યમિક શાળાના આચાર્ય

(૫) બી.આર.સી., સી.આર.સી., મદદનીશ શિક્ષણ નિરિક્ષક

જો શાળાના ગુણોત્સવ ગ્રેડ નબળા હોઇ, શિક્ષક કોઇ ગુનાહીત પ્રવૃતિમાં સંડોવાયેલા હોય, ખાતાકીય તપાસ ચાલતી હોય, ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨નું પરિણામ નબળું હોય વગરે કિસ્સામાં શિક્ષક કે કર્મચારી પાત્રતા નહિ ધરાવી શકે

(૭) આ પુરસ્કારો માટે સરકારી અને ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો/આચાર્યો માટે ગુણોત્સવમાં ઓછામાં ઓછા ૪(ચાર)પોઇન્ટ શાળાએ મેળવ્યા હોય તેવી શાળાઓના શિક્ષકો/આચાર્યો ભાગ લઇ શકશે.

આ પ્રકાર પુરસ્કૃત શિક્ષકોને બઢતી સમયે અનુક્રમે ૫, ૧૦ અને ૧૫ ટકા વેઇટેઝ આપવાનું રહેશે. અને તેમના ખાનગી અહેવાલમાં પણ નોંધ કરવાની રહેશે.

<u>એવોર્ડ પ્રસંદગીનું સમય પત્રક:-</u>

(૧) તાલુકાક્ષાની પસંદગીની કાર્યવાહી એપ્રિલ માસમાં પૂર્ણ કરવાનો રહેશે.

(૨) જિલ્લા કક્ષાની પસંદગી મે-માસમાં પૂર્ણ કરવાની રહેશે.

(3) રાજ્ય કક્ષાની પસંદગી જુન-જુલાઇમાં કરવાની રહેશે.

(૪) રાજ્ય સરકારને રાજ્ય કક્ષાના શ્રેષ્ઠ એવોર્ડ માટેની દરખાસ્ત ઓગષ્ટ માસમાં કરવાની રહેશે. અને ૧૫ મી ઓગષ્ટના રોજ થશે.

(૫) તા. ૫ મી સપ્ટેમ્બરના રોજ રાજ્ય કક્ષાએ રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકોનો કાર્યક્રમ કરવાનો રહેશે. અને જિલ્લા કક્ષાએ તાલુકાના તેમજ જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકોનો એવોર્ડનો કાર્યક્રમ કરવાનો રહેશે.

(૬) તાલુકા, જિલ્લા, રાજ્ય કક્ષાના પુરસ્કારોમાં સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

જિલ્લા સ્તર માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રીની અધ્યક્ષતામાં એક સમિતિ રહેશે. જયારે રાજ્ય કક્ષાએ અગ્રસચિવશ્રી(પ્રા.શિ.)ની અધ્યક્ષતામાં એક સમિતિ રહેશે અને શાળા સ્થળે ચકાસણી કર્યા પછી જ પુરસ્કાર આપી શકાશે.

પસંદગી સમિતિ:-

જિલ્લા/તાલુકા શ્રેષ્ઠ શિક્ષક પસંદગી સમિતિમાં નીચે મુજબના સભ્યોનો સમાવેશ કરવાનો રહેશે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી

| | |
|---|---|
| જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | અધ્યક્ષશ્રી |
| પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન | સભ્ય |
| જિલ્લાના એક કેળવણીકાર (જેની નિયુકિત અધ્યક્ષશ્રી કરશે.) | સભ્ય |
| જે તે જિલ્લાના નિવૃત્ત એવોર્ડ વિજેતા શિક્ષક | સભ્ય |
| (નિવૃત એવોર્ડી શિક્ષકના નામો જિલ્લા શિક્ષણાધિકારીશ્રી નકકી કરશે અને તેની સમિતિમાં નિયુકિત અધ્યક્ષશ્રી કરશે. | સભ્ય |
| જિલ્લા શિક્ષણાધિકારીશ્રી- | સભ્ય સચિવશ્રી |

(આ સમિતિનું કોરમ ત્રણ સભ્યોનું રહેશે. અને તાલુકા/ જિલ્લા કક્ષાના પુરસ્કાર નકકી કરશે.)

રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક પસંદગી સમિતિમાં નીચે મુજબના સભ્યોનો સમાવેશ કરવાનો રહેશે.

અગ્રસચિવશ્રી(પ્રા.શિ.) — અધ્યક્ષશ્રી

| | |
|---|---|
| કમિશ્નર ઓફ સ્કૂલ- | સભ્ય |
| સ્ટેટ પ્રોજકેટ ડાયરેકટરશ્રી -એસ.એસ.એ.- | સભ્ય |
| નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., | સભ્ય |
| ગુજરાત શૈક્ષણિક નાવિન્યીકરણ આયોગના પ્રતિનિધિ | સભ્ય |
| આઇ.આઇ.ટી.ઇ. ના પ્રતિનિધિ. | સભ્ય |
| સરકારશ્રી ધ્વારા નિયુકત કેળવણીકાર | સભ્ય |
| નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ | સભ્ય સચિવ |

ચાલુ વર્ષે તાલુકા/જિલ્લા કક્ષાએ પુરસ્કાર માટે આ નવી યોજના મુજબ કાર્યવાહી કરવાની રહેશે. જયારે રાજય કક્ષાના એવોર્ડ માટે હાલ સમય ઓછો હોય અને પસંદગી કાર્યવાહી શરૂ થયેલ હોય, આ સાલ પુરતુ જુની યોજના પ્રમાણે કાર્યવાહી કરવાની રહશે. અને ત્યાર બાદ નવી યોજના મુજબ અમલવારી કરવાની રહેશે.

ગુજરાત શ્રેષ્ઠ પારિતોષિક મેળવાનાર શિક્ષક ધ્વારા એવોર્ડની ગરીમાને લાછંન લાગે તેવો કોઇપણ વ્યવહાર કરશે. તે માટે સરકાર એવોર્ડ પરત લઇ શકશે. એવોર્ડ પુનસ્થાપિત કરવા તથા એવોર્ડ પરત લેવાના હુકમો રદ કરવા માટે રાજય સરકાર સક્ષમ ગણાશે.

આ અંગેનો ખર્ચ ચાલુ નાણાકીય વર્ષમાં મંજુર થયેલ બજેટ સદરે બિન આદિવાસી વિસ્તાર માટે માંગણી નં.૯ સદર-૨૨૦૨-૦૪-૧૦૩-૮૦૦-૧૬ ઇડીએન-૭૮ કન્યા કેળવણી રથયાત્રા હેઠળ મંજુર કરેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૪/૦૭/૨૦૧૪ની તથા સરકારશ્રીની તા.૩૧/૭/૧૪ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એસ. એમ. મીસ્ત્રી )
સંયુકત સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- અગ્રસચિવશ્રી (ઉ. અને ટે. શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહ્ન ભોજન યોજના, સેક્ટર-૧૭, ગાંધીનગર
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અનધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત

} નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ દ્વારા

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ રાજ્યના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ/શાખાઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઓનલાઇન મૂકવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ, ક-શાખા